નવસારી રેલવે સ્ટેશનના પતરામાંથી વરસાદના પાણીનો ધોધ વહ્યો

મુસાફરો તેમનો સામાન ઉઠાવી સુકી જગ્યા પર ભાગ્યા

મુસાફરોની સુવિધા માટે પ્લેટફોર્મ ઉપર લગાવવામાં આવેલા પતરા પરથી વરસાદનું પાણી પ્લેટફોર્મની અંદર પડ્યું

નવસારી : નવસારીમાં બપોરે પડેલા ધોધમાર વરસાદને પગલે નવસારી રેલવે સ્ટેશનના પતરામાંથી વરસાદી પાણીનો ધોધ વહેતો હોય તેવું પાણી પડી રહ્યું હતું. જેના પગલે મુસાફરો તેમના બેગ ઉઠાવી સુકી જગ્યા પર ભાગ્યા હતા.

રેલવે નેટવર્ક ભારત દેશનું સૌથી મોટું નેટવર્ક છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા લોકો ટ્રેનનો ઉપયોગ સૌથી વધુ કરે છે.

મુસાફરો પણ હજારો કિલોમીટરનું મુસાફરી કરવા માટે ટ્રેનમાં જાય છે. તો બીજી તરફ કોઈક વખત ટ્રેનો સમયસર પ્લેટફોર્મ ઉપર આવતી ન હોય. ત્યારે મુસાફરોને તકલીફ ન પડે તે માટે રેલ્વે વિભાગ દ્વારા વિવિધ રેલવે સ્ટેશનો ઉપર સુવિધા આપવામાં આવે છે. મુસાફરોને તડકો કે વરસાદ ન નડે તે માટે રેલવે સ્ટેશને પતરા લગાવવામાં આવ્યા છે. તેમજ મુસાફરો માટે વેઈટીંગ રૂમ પણ બનાવવામાં આવ્યા છે. તેમજ પ્લેટફોર્મ ઉપર બેસવા માટે બાકડા મુકવામાં આવ્યા છે.

નવસારીમાંથી રોજ હજારો મુસાફરો નોકરી-ધંધા અર્થે કે પોતાના વતન જવા માટે ટ્રેનમાં મુસાફરી કરી છે. જેથી મુસાફરો ટ્રેન આવવાના સમય કરતા અડધો કલાક પહેલા રેલવે સ્ટેશને પહોંચી જાય છે. જ્યાં મુસાફરો રેલવે પ્લેટફોર્મ પર બેસી ટ્રેન આવવાની રાહ જોય છે. આજે નવસારીના મુસાફરો નવસારી રેલવે સ્ટેશને પહોંચી પ્લેટફોર્મ ઉપર બેસી ટ્રેનની રાહ જોઈ રહ્યા હતા. દરમિયાન બપોરે નવસારીમાં ભારે વરસાદ પડવાનું શરુ થયું હતું. જેથી સમગ્ર શહેરમાં પાણી-પાણી થઈ ગયું હતું.

પરંતુ નવસારી રેલવે સ્ટેશને મુસાફરોની સુવિધા માટે પ્લેટફોર્મ ઉપર લગાવવામાં આવેલા પતરા પરથી વરસાદનું પાણી પ્લેટફોર્મની અંદર પડી રહ્યું છે. પ્લેટફોર્મના પતરા પરથી વરસાદી પાણીના ટીપા નહી પરંતુ વરસાદી પાણીનો ધોધ વહી રહ્યો તેમ પાણી પડી રહ્યું હતું. જેથી પ્લેટફોર્મ પર બેસી ટ્રેનની રાહ જોતા મુસાફરો તાત્કાલિક તેમના બેગ ઉઠાવી સુકી જગ્યાએ ભાગ્યા હતા. ત્યારે નવસારી રેલેવે તંત્ર દ્વારા મુસાફરોને આપવામાં આવતી સુવિધા પ્રજા સમક્ષ આવી ગઈ છે.

જલાલપોરમાં દોઢ ઇંચ અને નવસારીમાં પોણો ઇંચ વરસાદ નોંધાયો

નવસારી : નવસારી અને જલાલપોરમાં બપોરે વાતાવરણમાં પલટો આવતા ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના પગલે જલાલપોરમાં દોઢ ઇંચ અને નવસારીમાં પોણો ઇંચ વરસાદ નોંધાયો હતો. ગત 2 દિવસથી નવસારી જિલ્લામાં વરસાદનો વિરામ હતો. જેથી વાતાવરણમાં ઉઘાડ પડ્યો હતો. જ્યારે આજે સવારથી નવસારીમાં વાદળછાયું વાતાવરણ છવાયું હતું. ત્યારે બપોરે અચાનક જોરદાર વરસાદ પડવાનું શરૂ થયું હતું. બપોરે 4 થી 6 વાગ્યા દરમિયાન માત્ર જલાલપોર અને નવસારીમાં જ ધોધમાર વરસાદ વરસ્યો હતો.

નવસારી રેલવે તંત્રએ આંખ આડા કાન કરી દીધા હતા

અગાઉ નવસારી જિલ્લામાં ધોધમાર વરસાદ પડતા નવસારી રેલવે સ્ટેશનના પતરામાંથી વરસાદનું પાણી પડી રહ્યું હોવાનો વિડીયો વાઈરલ થયો હતો. ત્યારે નવસારી રેલવે તંત્રએ આંખ આડા કાન કરી દીધા હતા. પરંતુ આજે તો પતરામાંથી ધોધની જેમ પાણી વહી રહ્યું હતું. ત્યારે નવસારી રેલવે તંત્ર મુસાફરોને પડતી હાલાકી બાબતે વિચારી સુવિધામાં સુધારો કરે તે જરૂરી છે.

ગિરીશ ભોયે

સાપુતારા એ સુરતીઓ સહિત આસપાસના જિલ્લાના પ્રવાસીઓ માટે ફેવરિટ ડેસ્ટિનેશનની હવે બદલાઈ રહેલી વ્યાખ્યા

હરીયાળા સાપુતારાને શાસકોએ સિમેન્ટ કોંક્રીટનું જંગલ બનાવી દીધું

સાપુતારાના વિકાસ માટે રોજગાર મળવાની આશાએ નવાગામના લોકો વિસ્થાપિત થયા હતા

ગુજરાતના ટુરિસ્ટ મહારાષ્ટ્ર તરફ વિકસી રહેલા સ્થળો તરફ વળી ગયા

સાપુતારા : સાપુતારા એ સુરતીઓ સહિત આસપાસના જિલ્લાના પ્રવાસીઓ માટે ફેવરિટ ડેસ્ટિનેશન છે. પણ આ વ્યાખ્યા હવે બદલાઈ રહી છે. વિકાસના નામે સાપુતારા સાથે કરાતી કનડગતથી સાપુતારા ધીરે ધીરે ભુલાઈ રહ્યું છે. સ્ટ્રીટલાઈટ, રસ્તા, ગટરો, સ્વચ્છતા અને ડેવલોપમેન્ટ અધિકારીના અભાવે આજે સાપુતારાની હાલત ઘણીઘોરી વિનાની છે. પરંતુ કોઈ અવાજ સરકારના કાને પહોંચતો નથી. જેનો ફાયદો મહારાષ્ટ્રનું પ્રવાસન ધામ લઈ જશે એમાં કોઈ બેમત નથી. ડાંગનાં ખૂબસૂરત જંગલોને કારણે વર્ષો પહેલાં સાપુતારાનો વિકાસ કરવાનો ખ્યાલ આવ્યો હતો. અને એ માટે આજે જે લોકો નવાગામમાં વસ્યા છે એમણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું. રોજગાર મળશે તો બે પાંદડે થઈશું એવી આશાએ વડવાઓની જમીન છોડી. પરંતુ નવાગામના લોકો આજે એવી સ્થિતિમાં મુકાઈ ગયા છે કે રોજગાર પણ નથી મળતો. અહીંના લોકો કિસ્મતના ભરોસો દિવસો કાપી રહ્યા છે. સદીના મહાનાયકે જે સાપુતારાને ગુજરાત કી આંખો કા તારા કહ્યું છે એ હવે ગુજરાતની આંખોનો ખરતો તારો છે. નજીકમાં મહારાષ્ટ્રમાં પ્રવાસન ધામનો જોરદાર વિકાસ થવા માંડ્યો છે. જે લોકો લહેરીલાલા છે એને તો મહારાષ્ટ્રમાં મોજ પડી જાય. વધુમાં સાપુતારાને શાસકોએ સિમેન્ટ કોંક્રીટનું જંગલ બનાવી દીધું છે. વૃક્ષોના વિનાશમાં સાપુતારાની ચમક ઝાંખી પડી ગઈ છે. ફક્ત મુંગેરી લાલ કે હસીન સપનેં જેવા ફેસ્ટિવલ્સ પાછળ તાયફા કરવાથી સાપુતારાનું ભલું નહીં થાય એવી સામાન્ય સમજ ભણેલાગણેલા અધિકારીને આવતી નથી. સાપુતારામાં મનોરંજન એક્ટિવિટી ઉપર બ્રેક લાગી ગઈ છે. જેને કારણે પ્રવાસીઓની સંખ્યા ઘટી રહી છે. લોકોના રોજગાર-ધંધા પડી ભાંગ્યા છે. આ સંજોગોમાં દિવાળીમાં ચૂલો કઈ રીતે સળગશે. રાજ્ય સરકારને જ સાપુતારામાં રસ રહ્યો ન હોય એવું લાગી રહ્યું છે.

કાયમી ધોરણે ચીફ ઓફિસરની નિમણૂક કરો

સાપુતારા નવાગામના પોલીસ પટેલ પુંડલીકભાઈ ગાંગુર્ડે જણાવે છે કે, સાપુતારાની અસ્મિતા ટકાવી રાખવી હોય તો કાયમી ધોરણે ચીફ ઓફિસરની નિમણૂક કરો. જેથી સાપુતારાના નાનામાં નાના પ્રશ્નો હોય કે મોટામાં મોટા પ્રશ્નો તાત્કાલિક હલ થાય. હાલમાં તો ચીફ ઓફિસરની ખાલી પડેલી જગ્યાના અભાવે સાપુતારા સહિત નવાગામના ઘણા પ્રશ્નો છે. જ્યાં સુધી કાયમી ચીફ ઓફિસર નિમણૂક નહીં થાય ત્યાં સુધી આવા પ્રશ્નો હલ કેવી રીતે થશે.

'હું ગાંધીનગર સુધી પહોંચી વળું તેમ છું, મારું કોઈ બગાડી નહીં લે'

આહવાનાં ડોન ગામની સસ્તા અનાજના દુકાનના સંચાલક રેશનકાર્ડ ધારકો પાસેથી પૈસા વસૂલતા હોવાના આક્ષેપ સાથે જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખની કલેક્ટરને લેખિત રજૂઆત

સાપુતારા : ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ડોન ગામની સસ્તા અનાજના દુકાન સંચાલક રેશનકાર્ડ ધારકોને વિના મૂલ્ય મળતી વસ્તુઓની કિંમત વસૂલતા હોવાના આક્ષેપ સાથે ડાંગ જિલ્લા ભાજપા પાર્ટીનાં પૂર્વ પ્રમુખ રમેશ ચૌધરીએ કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરી હતી.

ડાંગ ભાજપા સંગઠનનાં પૂર્વ પાર્ટી પ્રમુખ રમેશ ચૌધરીએ સંચાલક સામે આક્ષેપ કરતી અરજી કલેક્ટરને આપી હતી. અહી સંચાલક વિનામૂલ્ય મળતી ઘઉ, ચોખા, બાજરી આપીને રાશનકાર્ડ ધારક પાસેથી નાણાંની વસુલાત કરે છે. સસ્તા અનાજ દુકાનના 400 થી વધુ કાર્ડ ધરાવતા પરિવારો પાસે પાછળથી લાખો રૂપિયા ઉઘરાવ્યાનં જોવા મળી રહ્યું છે. કાર્ડ ધારકો સસ્તા અનાજના સંચાલકને રજૂઆત કરવા પહોંચે તો ધમકી આપી કહેવામાં આવે છે કે, 'તમે આગળ ફરિયાદ કરશો તો હું ગાંધીનગર સુધી પહોંચી વળુ તેમ છુ. મારું કોઈ બગાડી નહીં લે' ખાસ કિસ્સામાં ડોન ગામની સસ્તા અનાજની દુકાનની તપાસ કરી દુકાનો સંચાલક સામે કાર્યવાહી કરવાની માંગ સાથે જિલ્લા ભાજપાનાં પૂર્વ પ્રમુખ રમેશ ચૌધરી ઉર્ફ ડોને જિલ્લા કલેક્ટરને લેખિતમાં અરજી ફરિયાદ કરી હતી. ત્યારે વહીવટી તંત્ર કેવા પગલા ભરશે તે જોવુ જ રહ્યુ.

રોટરી ક્લબ ઓફ વાપી દ્વારા રોટરી નવરાત્રી મહોત્સવ-થનગનાટનું આયોજન

પોલીસ બંદોબસ્ત, શી-ટીમ, ફાયર સેફ્ટિની સુવિધા સહિત કાર્ડિયાક ડોક્ટરની ટીમ હાજર રહેશે

વાપી : દર વર્ષની જેમ આ વર્ષે પણ રોટરી કલબ ઓફ વાપી દ્વારા રોટરી નવરાત્રી મહોત્સવ-થનગનાટ-2024નું આયોજન કરાયું છે. સતત 24 વર્ષથી ભારતીય સંસ્કૃતિ, માતાજીની ભક્તિ અને સમાજ સેવાનો ત્રિવેણી સંગમના સંદેશ સાથે રોટરી કલબ ઓફ વાપીના સભ્યો દ્વારા વાપી રોફેલ કોલેજના ગ્રાઉન્ડમાં ગરબા મહોત્સવનું આયોજન આગામી તા. 3 થી 11 ઓકટોબર 2024 સુધી કરવામાં આવ્યું છે.

રોટરી ક્લબ ઓફ વાપીના પ્રમુખ હાર્દિક શાહ, આયોજનના ચેરમેન ભરત પટેલ જણાવ્યું હતું કે, સુરક્ષિત નવરાત્રીનું આયોજન લોક ભાગીદારી દ્વારા સમાજ સેવાનું એક અનોખું મિશન છે. નવરાત્રીના આયોજન દ્વારા મળેલી રકમમાંથી વાપી અને આસપાસમાં આરોગ્ય અને શિક્ષણલક્ષી જેવા ઘણા પ્રોજેક્ટો કરવામાં આવતા હોય છે. આ વખતના આયોજનમાં પિયુષ એન્ડ ફાઈન યુનર્સના સાથી કલાકારો લોકગીતોની ગુંજ સાથે ધૂમ મચાવશે. આ વખતે 5000 થી વધારે કેપેસિટીના ગ્રાઉન્ડમાં નોન ગ્રૂપના ખેલૈયાઓ માટે અલગ રમવા માટે એરિયા અને ટ્રેડિશનલ ડ્રેસમાં રમતા ખેલૈયાઓ માટે પણ ઈનામો રાખવામાં આવેલા છે. આ વર્ષે વલસાડ જિલ્લા પોલીસની ગાઈડ લાઈન્સ મુજબ CCTV અને કાર્ડિયાક એમ્બુલેન્સ ડૉક્ટરની ટીમ સાથે તૈયાર હશે, સાથે વિશાળ પાર્કિંગ અને ફાયર સેફ્ટિની સુવિધા રાખવામાં આવેલી છે. ખાસ કરીને બહેનો અને બાળાઓ માટે પોલીસ ડીપાર્ટમેન્ટની શી-ટીમ સિવિલ ડ્રેસમાં તૈનાત હશે. ટ્રાફિકના નિયમન માટે પોલીસ, હોમગાર્ડ અને રોટરીના કાર્યકર્તાની ટીમ બનાવવામાં આવી છે.

આરક-સિસોદ્રા ગામમાં લટાર મારતો દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોને રાહત

નવસારી જિલ્લામાં દીપડાના ભયથી લોકોએ બહાર જવાનું ટાળતા રાત્રી દરમિયાન ગામોમાં કર્ફ્યું જેવો માહોલ થઈ જાય છે

નવસારી : નવસારી તાલુકાના આરક-સિસોદ્રા ગામે છેલ્લા થોડા દિવસથી દીપડો લટાર મારતો હતો. જેથી વનવિભાગે પાંજરું ગોઠવ્યું હતું. જેથી ગત રાત્રે દીપડો પાંજરે પુરાતા ગામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

નવસારી જિલ્લામાં દીપડાઓ આતંક મચાવી રહ્યા છે. જિલ્લામાં રોજ વિવિધ ગામોમાં દીપડાઓ લટાર મારી રહ્યા છે. તાજેતરમાં જ નવસારી જિલ્લામાં અલગ-અલગ જગ્યાઓ ઉપર દીપડાએ આતંક મચાવી કેટલાક લોકોને ઈજાગ્રસ્ત કરી દીધા છે. જેના પગલે હવે લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

છેલ્લા થોડા દિવસોથી નવસારી તાલુકાના આરક-સિસોદ્રા ગામે દીપડો લટાર મારતા જોવા મળ્યો હતો. જેના પગલે આરક-સિસોદ્રાના ગામજનો તેમજ આજુબાજુના ગામજનો પણ ઘભરાઈ રહ્યા હતા. જોકે દીપડો કોઈ વ્યક્તિ ઉપર હુમલો ન કરે તે માટે ગામજનોએ રાત્રી દરમિયાન ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. સાથે જ આ બાબતે વન વિભાગને જાણ કરી હતી. જેથી વન વિભાગે દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવ્યું હતું. દરમિયાન ગત રાત્રે દીપડો પાંજરે પુરાયો હતો. જેથી આરક-સિસોદ્રા ગામના લોકો સહીત આજુબાજુના ગામજનોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો અગાઉ જ નવસારી તાલુકાના નસીલપોર ગામે એક દીપડો રોડ ક્રોસ કરતી વખતે કાર અડફેટે આવી જતા બેભાન થઈ ગયો હતો. જોકે થોડા સમયમાં દીપડો ભાનમાં આવી જતા તે ખેતર તરફ નીકળી ગયો હતો. પરંતુ ત્યારબાદ ફરી દીપડો નસીલપોર ગામે રહેણાંક વિસ્તારમાં આવી ચડ્યો હતો. જ્યાં તેણે એક યુવતી ઉપર હુમલો કરી નાસી ગયો હતો.

વાપીની બાયર કંપનીમાં ગેસ લીકેજની મોકડ્રીલ

કેમિકલ પ્લાન્ટના પાઇપની ફ્લેજમાંથી ગેસ લીકેજ અને આગ અંગે બચાવ કામગીરી કરાઈ



વાપી : વાપીની જીઆઈડીસી સ્થિત બાયર ઈન્ડિયા લિ. કંપનીમાં ઓફ સાઈટ મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં કેમિકલ પ્લાન્ટમાંથી ગેસ લીકેજની દુર્ઘટના સમયે કેવી રીતે બચાવ કામગીરી થઈ શકે તેનો વાસ્તવિક સિનારીઓ ઊભો કરાયો હતો. સમગ્ર મોકડ્રીલમાં ઓવરઓલ ઈન્સીડન્ટ કમાન્ડર તરીકે પારડી પ્રાંત અધિકારી એ.પી. ગોહિલને નિયુક્ત કરી મોકડ્રીલને સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

ફેક્ટરીમાં આવેલા કેમિકલ પ્લાન્ટમાં પાઈપની ફ્લેજમાંથી કેમિકલ ગેસ લીકેજ થતાં (જેટ ફાયર) આગ પકડી લીધી હતી ત્યારે કંપનીની ટીમો અને ફાયર ડિપાર્ટમેન્ટે આગ પર કાબૂ મેળવવા પ્રયત્નો કર્યા હતાં પરંતુ કેમિકલ ગેસ લીકેજ અને આગનું પ્રમાણ વધારે માત્રામાં હોય ઓન સાઈટ ઈમરજન્સી કંટ્રોલમાં ન આવતા સાઈટ મેઈન કંટ્રોલર દ્વારા ઓફ સાઈટ ઈમરજન્સી જાહેર કરી ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને જાણ કરાઈ હતી. બનાવ વખતે ઓપરેટર ગેસ ઈન્ફ્લેમેશનથી બેહોશ થયા હતા. તેને રેસ્ક્યુ કરી એમ્બુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડિસ્ટ્રિક્ટ ક્રાઈસીસ ગ્રૂપની મદદ લઈ બાયરગ્રૂપ-ફાયર અને સેફ્ટિ વિભાગની સાથે વાપી અને વલસાડ પાલિકા, નોટિફાઈડ, આરતી અને હુબર ગ્રૂપના ફાયર વિભાગના ફાયર ટ્રકો અને ફાયર ફાયટર્સે વોટર હોઝની મદદથી પરિસ્થિતી પર કાબૂ મેળવાયો હતો. આ મોકડ્રીલમાં જિલ્લા વહીવટી તંત્રના ડિઝાસ્ટર મામલતદાર નફીશાબેન શેખ, વાપી રૂરલ મામલતદાર પ્રીતિ મોઢવડિયા, માહિતી વિભાગની ટીમ, મામલતદાર કે.આર.પટેલ, પી.આઈ. મયૂર પટેલ, ડિસ્ટ્રિક્ટ ક્રાઈસીસ ગ્રૂપના મેમ્બર સેક્રેટરી તથા નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાથ્ય એમ.સી. ગોહિલ, વી.આઈ.એ.ના હોદ્દેદારો અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

નવરાત્રીમાં સર્વોચ્ચ અદાલતના હુકમનું પાલન કરાવવા માંગ

નવસારી : નવરાત્રીમાં સર્વોચ્ચ અદાલતના હુકમનું પાલન કરાવવાની માંગ કરી નવસારીના વકીલે રાજ્યપાલને આવેદનપત્ર પાઠવ્યું છે. જેમાં જણાવ્યું હતું કે, નવરાત્રી એ શક્તિની આરાધના કરવાનો પવિત્ર તહેવાર છે. તેમાં નાગરિકોના હક્કો-અધિકારોને વિઘટન કરવાનું નથી. ડી.જે., લાઉડ સ્પીકરના ઘોંઘાટો વચ્ચે કદાપિ માં દુર્ગાની આરાધના થઈ શકે નહી, પરંતુ પ્રદુષણ જ ફેલાય છે. તેથી જ ભારતની સર્વોચ્ચ અદાલતે 70 ડેસીબલ કરતા વધુ અવાજ અને રાત્રે 10 વાગ્યા પછી લાઉડ સ્પીકર ઉપર પ્રતિબંધ મૂકી રહીશોને નિરાંતની ઊંઘ મળે તેવા આદેશો કર્યા છે. ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી જાહેર હિત અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન વિરુદ્ધનું વલણ અપનાવી અત્યાર સુધી કોઈએ પણ નિવેદન આપ્યું ન હોય તેવું મોડી રાત સુધી ગરબા રમી શકશે ખેલૈયા તેવી ગુજરાત સરકારના નામે જાહેરાત કરી છે. જે ગેરકાયદેસર છે. જેથી નાગરિકોને અવાજના પ્રદુષણનો ત્રાસ આપી ઊંઘ હરામ કરનારું હર્ષ સંઘવીનું નિવેદન પાછું ખેંચાવી નવરાત્રીમાં સર્વોચ્ચ અદાલતના હુકમનું પાલન થાય તે માટેની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

પુણેશ્વરમાં આપઘાત કરવા જતાં યુવાનનું પડી જતાં મોત

નવસારીઃ પુણેશ્વર ગામે યુવાને વડની વડવાઈ સાથે ગળે ફાંસો લગાવવાનો પ્રયત્ન કર્યો હતો. પણ વડવાઈ તૂટી જતાં યુવાનનું નીચે પડી જતા મોત નીપજ્યાનો બનાવ જલાલપોર પોલીસ મથકે નોંધાયો છે. મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના પુણેશ્વર મંદિરની સામે રહેતા મનીષ પ્રકાશભાઈ રાઠોડે (ઉ.વ. 28) કોઈ અગમ્ય કારણસર પુણેશ્વર ગામે આવેલા ભૂતમામાના મંદિરે આવેલા વડની વડવાઈ સાથે ગળાના ભાગે ફાંસો લગાવવાનો પ્રયત્ન કરતો હતો. તે સમયે વડની વડવાઈ તૂટી જતાં મનીષ નીચે પડી ગયો હતો. જેના પગલે મનીષનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે જલાલપોર પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નોટીશ વિ.જે.ભંડારી,સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ,સુરતની કોર્ટમાં

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૧૧૪/૨૦૨૪

તા.૩૧/૦૮/૨૦૨૪

વિરૂધ્ધ

વાદી :-મનહરભાઈ ઠાકોરભાઈ પટેલ રહે.ઘર નં.૩૧૧,સડક મહોલ્લો,ઈચ્છાપોર,તા.ચોર્યાસી,જિ.સુરત.

પ્રતિવાદી :- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(3) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી મનહરભાઈ ઠાકોરભાઈ પટેલ, રહે. ઘર નં.૩૧૧, સડક મહોલ્લો, ઈચ્છાપોર,તા.ચોર્યાસી,જિ.સુરતના દાદી કાશીબેન દયાળભાઈ પરાગનું અવસાન તા.20/12/1939 ના રોજ ઈચ્છાપોર,સુરત ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(વિ.જે.ભંડારી) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, અને નાયબ કલેક્ટર, સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરત.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ આઇડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી) -
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 7મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031. ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

IDFC FIRST Bank

પરિશિષ્ટ – IV-A (નિયમ 8(6) અને 9(1)ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8(6) અને 9(1)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.

આથી સામાન્ય લોકો અને ખાસ કરીને ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓને કોલમ (iii) મુજબ નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો કોલમ (iv) મુજબ સિક્યોર્ડ કેડિટર પાસે મોર્ગેજ/ચાર્જ કરેલ છે, જેનો કબજો જે અગાઉ આઇડીએફસી બેંક લિ.તરીકે ઓળખાતી હવે આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. આથી કોલમ (i) મુજબ લોન લેનાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે, 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે છે તે' આધારે અહીં વર્ણવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને આઇડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ એટલે કે www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

અ. નં.	(i) ડિમાન્ડ નોટિસની રકમ	(ii) એગ્રિમેન્ટ આઈડી	(iii) ઉધાર લેનારા(ઓ), સહ-ઉધાર લેનારા(ઓ) અને ગેરેન્ટર(ઓ)ના નામ	(v) અનામત કિંમતની રકમ	(vi) EMD રકમ	(vii) હરાજીની તારીખ અને સમય	(viii) EMD હરાજીની તારીખ અને સમય	(ix) નિરીક્ષણની તારીખ અને સમય	(x) અધિકૃત અધિકારીનું નામ અને મોબાઈલ નંબર
1	INR 1133137.60/- Demand Notice dated: 19-Feb-2022	15417340	ઉષા દેવી અને ગિરધારીલાલ શ્યામલાલ યાદવ	INR 1233000.00/-	INR 123300.00/-	19-Oct-2024 11.00 AM to 1.00 PM	18-Oct-2024 10.00 AM to 5.00 PM	15-Oct-2024 10:00 AM To 4:00 PM	નામ- સત્યેન્દ્ર મૌર્ય સંપર્ક નંબર - 8306001848 નામ- ચિન્મય આચાર્ય સંપર્ક નંબર - 9574448844
(iv) મોર્ગેજ પ્રોપર્ટીનું સરનામું : રહેણાક ફ્લેટ નંબર B-402નો તે તમામ ભાગ અને પાર્સલ, માપન 685 ચો. ફૂટ., અથવા 63.66 ચો. મીટર (સુપર બિલ્ટ અપ એરિયા) બી વિંગના ચોથા માળે આવેલું, સૂર્યકિરણ એપાર્ટમેન્ટ તરીકે ઓળખાતી ઇમારત, એનએ લેન્ડ બેરિંગ પ્લોટ નંબર 01 પર બાંધવામાં આવેલ છે, બેરિંગ કોમ્પ્યુટરાઈઝ્ડ સર્વે નં. 486/Pio/1 અને એનએ લેન્ડ બેરિંગ પ્લોટ નં. 28, બેરિંગ કોમ્પ્યુટરાઈઝ્ડ સર્વે નં. 428/Pio/28, મૂળ સર્વે નંબર 486નો સમાવેશ. ચલા ખાતે, વાપી નગરપાલિકાના ગામની હદમાં આવેલું, તા. વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત અને આ રીતે બંધાયેલ છેઃ પૂર્વઃ કોમન માર્ગ અને દાદર, પશ્ચિમઃ ખુલ્લી જગ્યા, ઉત્તરઃ ફ્લેટ નં. બી- 403 અને દક્ષિણ : ફ્લેટ નં. બી-401								
2	INR 945632.40/- Demand Notice dated: 06-Feb-2020	12708765	મેહબુલ ખાન અને ફરહાતબાનુ મેહબુલ ખાન	INR 934830.00/-	INR 93483.00/-	19-Oct-2024 11.00 AM to 1.00 PM	18-Oct-2024 10.00 AM to 5.00 PM	15-Oct-2024 10:00 AM To 4:00 PM	નામ- સત્યેન્દ્ર મૌર્ય સંપર્ક નંબર - 8306001848 નામ- ચિન્મય આચાર્ય સંપર્ક નંબર - 9574448844
(iv) મોર્ગેજ પ્રોપર્ટીનું સરનામું, બીજા માળે, ફ્લેટ નંબર ડી-203 ધરાવતી મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, લેવિસ ગાર્ડન, આર.એસ. નંબર 51/1/પૈકી 3, મોજે-ડુંગરા, તા. વાપી અને જિલ્લો વલસાડ, વાપી, ગુજરાત - 396191.									

ડિસ્ક્લેમરઃ મહેરબાની કરીને નોંધ કરો કે ઉપરોક્ત નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે જારી કરવામાં આવી છે અને આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ પાસે સ્થાવર મિલકત પર હાજર જંગમ સંપત્તિ, જો કોઈ હોય તો તે વેચાણ કરવાનો કોઈ અધિકાર નથી.

Sd/-
અધિકૃત અધિકારી
આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ આઇડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)

તારીખઃ 03.10.2024